**રાજકોટના મહે. ૧૦મા એડી. ચીફ જયુડીશીયલ  મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ**

**ક્રિમીનલ કેસ નં. ૧૦૩૩૭/૨૦૨૨**

આંક – ૫

ફરીયાદી:–    ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરૂઘ્ઘ.

આરોપી:–    સંજયભાઈ શૈલેષભાઈ દેસાણી

ગુનો :– **ઈ.પી.કો.કલમ – ૨૬૯ મુજબ**

**–: ઠરાવ :–**

૧. આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી, સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

૨. આરોપીએ સ્વૈચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણ પોષણનો આધાર આરોપી પર છે.

૩. કેસની હકીકત, આરોપીના અર્થીક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯) માં ઠરાવેલ સિઘ્ધાંતોને લક્ષમાં લઈ ન્યાયના વિશાળ હીતમાં  નીચે મુજબનો હુકમ કરુ છું.

**–: હુકમ :–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ ઈ.પી.કો.કલમ–૨૬૯ ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું.

હુકમ આજરોજ  લોક અદાલતના સ્પે. સીટીંગમાં વાંચી, સંભળાવી  જાહેર કર્યો.

તા.  ૧૨/૦૩ /૨૦૨૨

( મનીષ.વી. ચૌહાણ )
જીજે૦૧૦૧૫
દસમાં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાજકોટ.